# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation


રેફ નં.

તા: ૨૫/૦૯/૨૦૧૬

સુરત

તંત્રી શ્રી, ______________________

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ માંડલેવાળા

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

## ઓલપાડ સરકારી તાલુકા પુસ્તકાલયમાં આસીસટન્ટ લાયબ્રેરીયન તરીકે ફરજ બજાવતા અનાવિલ સમાજના પન્નાબેને તેમના બ્રેનડેડ પતિ શૈલેષભાઈ ગુણવંતભાઈ દેસાઈના અંગોનું દાન કરાવી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : શૈલેષભાઈ ગુણવંતભાઈ દેસાઈ    ઉ. વ. ૫૩    બ્લડ ગ્રુપ: O+

વ્યવસાય: સાંઈનાથ એજન્સીમાં ફરજ બજાવતા જુદા જુદા વિસ્તારોમાં ફરીને બ્રેડની ડિલીવરી કરતા હતાં.

રહેવાસી : A-૨/૧૦૪, અક્ષર પ્લાઝા એપાર્ટમેન્ટ, સરીતા સાગર સંકુલ ની સામે, સરદાર બ્રીજ નીચે, અડાજણ રોડ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: કઠોદરા, તા: કામરેજ, જી: સુરત

કૌટુંબિક વિગત : પત્ની: શ્રીમતી પન્નાબેન શૈલેષભાઈ દેસાઈ ઉ. વ. ૫૪

ઓલપાડ સરકારી તાલુકા પુસ્તકાલયમાં આસીસટન્ટ લાયબ્રેરીયન તરીકે ફરજ બજાવે છે.

પુત્ર: મિત શૈલેષભાઈ દેસાઈ ઉ. વ. ૨૧

અભ્યાસ : ઇગ્નોમાં MCA ના 1st સેમેસ્ટરમાં અભ્યાસ

પુત્રી: દૃષ્ટિ શૈલેષભાઈ દેસાઈ ઉ. વ. ૧૬

અભ્યાસ : દિવ્યાંગ બાળક, ગોરાટ હનુમાન રાંદેરમાં આવેલ દિપશીલ્પા સ્પેશીયલ સ્કુલમાં અભ્યાસ

બનાવની વિગત:

બુધવાર તા: ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ શૈલેષભાઈ બ્રેડના ઓર્ડર લેવા માટે વાપી ગયા હતા. ત્યાંથી તેઓ પોતાના બ્રોકર બાઈક ઉપર વાપી થી સુરત પરત ફરી રહ્યા હતા ત્યારે સાંજે ૭:૪૫ કલાકે કિલ્લા પારડી હાઈવે ઉપર એક અજાણ્યા ટેમ્પા ચાલકે ટક્કર મારતા શૈલેષભાઈ પોતાના બાઈક ઉપરથી નીચે પડી જતા તેમને માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. ત્યાં અજાણ્યા વ્યક્તિએ તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં ડો. કુરેશીની પારડી હોસ્પિટલમાં દાખલ કર્યા. એ અજાણ્યા વ્યક્તિએ ત્યાં પ્રાથમિક સારવાર અપાવી ત્યાંથી શૈલેષભાઈના મોબાઈલ પરથી તેમના ધર્મપત્ની શ્રીમતી પન્નાબેનનો સંપર્ક કરી શૈલેષભાઈના અકસ્માતની જાણ કરી. પન્નાબેને વલસાડમાં રહેતા તેમના સબંધીઓને અકસ્માત અંગેની જાણ કરી પારડી હોસ્પીટલ પહોંચી શૈલેષભાઈને વધુ સારવાર માટે સુરત લાવવા માટેની જાણ કરી.

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



શૈલેષભાઈના સાઢુભાઈ ચેતનભાઈ પારડી હોસ્પીટલમાં પહોંચી તેમને વધુ સારવાર માટે સુરત સનશાઈન ગ્લોબલ હોસ્પીટલમાં રાત્રે ૧૧:૪૫ કલાકે ક્રીટીકલ કેર નિષ્ણાત ડૉ. અનુજ ક્લાર્ક અને ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઈની સારવાર હેઠળ દાખલ કર્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

તા: ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઈએ સર્જરી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

શનિવાર તા: ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીજીશ્યન ડૉ. વિનોદ મહેતા, સનસાઈન ગ્લોબલ હોસ્પીટલના ક્રીટીકલ કેર નિષ્ણાત ડૉ. અનુજ ક્લાર્ક તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

સનસાઈન ગ્લોબલ હોસ્પીટલના ક્રીટીકલ કેર નિષ્ણાત ડૉ. અનુજ કલાર્કે ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી શૈલેષભાઈ ના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી ક્રીટીકલ કેર નિષ્ણાત ડૉ. અનુજ ક્લાર્ક અને ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ સાથે રહી શૈલેષભાઈના ધર્મપત્ની પન્નાબેનને અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

શૈલેષભાઈના ધર્મપત્ની પન્નાબેનને જણાવ્યું કે મારા પતિ બ્રેનડેડ થઇ ચુક્યા છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની અમરેલીના રહેવાસી મગનભાઈ લાઠી ઉ. વ. ૫૬ અને બીજી કિડની દહેગામના રહેવાસી સતીષ પસાભાઇ પટેલ ઉ.વ. ૨૯ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ઉમરેઠના રહેવાસી રમેશભાઈ પટેલ ઉ.વ. ૬૨ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં શૈલેશભાઈના ધર્મપત્ની પન્નાબેન, પુત્ર મિત, શૈલેષભાઈના સાળા વિનોદભાઈ દિનકરરાય દેસાઈ, બનેવી ધીરેનભાઈ દેસાઈ, ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીજીશ્યન ડૉ. વિનોદ મહેતા, ક્રીટીકલ કેર નિષ્ણાત ડૉ. અનુજ ક્લાર્ક, હેડ મેડીકલ સર્વિસીસ ડૉ. રાજદીપ લીમ્બોલા, સનસાઈન ગ્લોબલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને ધવલ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૬૯ કિડની, ૬૦ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૪૬ ચક્ષુઓનો દાન મેળવીને ૩૮૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961